# મહેસાણાથી ૧૩૦૦ જેટલા શ્રમિકો સાથે સોમવારે ગાઝીપુર(યુ.પી.) ટ્રેન રવાના કરાઈ

મહેસાણા જિલ્લાના ૧૩૦૦થી વધુ શ્રમિકો, પરપ્રાંતિયો સાથે ટ્રન સોમવારે ગાઝીપુર ખાતે રવાના કરાઈ છે. શ્રમિકોને મુશ્કેલી ન પડે તે માટે પાણી, ભોજન, નાસ્તાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેસાણા જિલ્લાના ૧૩૧૧ શ્રમિકો સાથે ગાઝીપુર ખાતે ૧૪૪૪ કિલોમીટર અંતર કાપીને માદરે વતન પહોંચશે. મહેસાણા અભ્યાસ કરતા મેડીકલ સ્ટુડન્ટ શ્વેતા સિંઘે જણાવ્યું હતું કે કોરોનાની પરિસ્થિતિને પગલે હું મારા વતન જઈ રહી છુ. કોરોનાની સ્થિતિ થાળે પડતાં પાછી ગુજરાત અભ્યાસ અર્થે પરત આવીશ. અત્રે ઉલ્લેખનીય છે કે સોમવારે રવાના કરેલ ટ્રેન ૧૪૪૧ કિલોમીટરનું અંતર કાપીને તેના ગંતવ્ય સ્થળે પહોંચશે. મહેસાણા રેલવે સ્ટેશન પર રેલવે સહિત તંત્રના કર્મયોગીઓ દ્વારા તાળી પાડી ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં વધુ બે દર્દીઓ કોરોના પોઝેટીવ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામનો યુવાન અને પ્રાંતિજ તાલુકાની વડવાસા ગામની મહિલા કોરોના પોઝેટીવ જિલ્લામાં અત્યાર સુધી ૨૫ દર્દીઓના રીપોર્ટ પોઝેટીવ આવતા તંત્ર હરકતમાં અત્યાર સુધીમાં બે દર્દીઓના મોત નિપજ્યા હિંમતનગર, તા. ૧૧ સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના પોઝેટીવ કેસોમાં ધીમા પગલે વધારો થઈ રહ્યો છે ત્યારે સોમવારે વધુ બે દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામના યુવાન અને પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામની મહિલામાં કોરોના રીપોર્ટ પોઝેટીવ આવતા જિલ્લામાં અત્યાર સુધી ૨૫ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.

જોકે બે દર્દીઓના કોરોનાના કારણે મોત નિપજ્યા હતા. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામના યુવાન નિતીનકુમાર પટેલ અને પ્રાંતિજ તાલુકાના વડાવાસા ગામની મંજુબેન મકવાણાને થોડાક દિવસ અગાઉ શરદી તાવના લક્ષણો જણાતા સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તબીબોની દેખરેખ હેઠળ બંને દર્દીઓના સેમ્પલો લઈને અમદાવાદ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા જેનો સોમવારે બપોરે રીપોર્ટ આવ્યો હતો.

આ રીપોર્ટમાં ચાંપલાનાર ગામના યુવાન નિતીનભાઈ પટેલ અને વડવાસા ગામની મહિલા મંજુબેન મકવાણાનો કોરોના પોઝેટીવ રીપોર્ટ આવ્યો હતો. આ બંને દર્દીઓને સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં પ્રાંતિજ તાલુકામાં સૌથી વધુ કોરોના પોઝેટીવ દર્દીઓ આવ્યા છે ત્યારે આજે વડવાસા ગામમાં વધુ એક મહિલા દર્દી કોરોના પોઝેટીવ આવતા ગામમાં સેનેટાઈઝેશન તથા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૫ દર્દીઓ પોઝેટીવ હોવાથી તેમને સારવાર આપવામાં આવી રહી છે. તો બીજી તરફ આરોગ્યતંત્ર દ્વારા પણ હાઉસ ટુ હાઉસ સર્વે કરવામાં આવે છે. હિંમતનગર, ઈડર અને પ્રાંતિજ તાલુકામાં કોરોના દર્દીઓ મળી આવ્યા છે ત્યારે લોકો સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરી પોતાની જાતે જ કોરોનાની બિમારી સામે રક્ષણ મેળવે તેવી અપીલ વહિવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. લોકડાઉનના ત્રીજા તબક્કમાં હોવા છતા પણ બજારોમાં લોકો છુટથી હરવા ફરવા લાગ્યા છે ત્યારે આગામી દિવસોમાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થાય તો નવાઈ નહી તેવુ સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

# મોડાસાના કોવિડ હોસ્પિટલનો સ્ટાફ કોરોના દર્દીઓનો પરિવાર બની ગયો છે

**રમઝાનમાં મુસ્લિમ દર્દીઓ માટે નમાઝ અદા કરવાની પણ વ્યવસ્થા હોસ્પિટલમાં જ છે**

બે ત્રણ દિવસથી સામાન્ય શરદી, ખાંસી અને તાવ જેવુ લાગતુ હતું, લાવને આરોગ્ય વિભાગે ફોન કરી જોઉ અને આરોગ્યની સર્વેલન્સ ટીમ આવીને ચકાસી ગઇ સહેજ

શંકાસ્પદ લક્ષણ લાગતા હોસ્પિટલ આવીને તપાસ કરાવી લો, સિવિલમાં ચેક કરાવ્યું બે દિવસ બાદ મને કોરોના પોઝિટીવ હોવાનું કહ્યું ને બસ આટલા શબ્દો કાને પડતા જ હૈયામાં મોટી ફાળ પડી પરંતુ ત્યાંના સ્ટાફે હિંમત આપી એટલે અહિ સારવારથી એકદમ સાજા થઇ જવાશે, પહેલા તો કઈ જ સુઝયુ નહિ બસ ખાલી હાથે સારવારે આવી ગયો. મનમાં હજારો વિચારો આવતા કે ત્યાં કેવી વ્યવસ્થા હશે. ઘર જેવુ જમવાનું મળશે કે નહિ, નહાવા-ધોવાના કપડા ધોવાનું કેમનું હશે. પરંતુ જયારે પહેલા જ દિવસે હોસ્પિટલના બેડ પર નવી નક્કોર ચાદર, નાહવાનો રૂમાલ, શેમ્પૂ, સાબુ બ્રશ, ઉલીયુ, માસ્ક, મીનરલ વોટરની બોટલ સહિતની તમામ જરૂરીયાતની ચીજવસ્તુઓ મારા બેડ પર હતી. આ જોઈને મારા મનમાં જે કોવિડ હોસ્પિટલની છાપ હતી સાવ બદલાઇ ગઇ આવા શબ્દો છે. કોરોના સારવાર લઇ રહેલા એક દર્દીના..

અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણને ધ્યાને લઇ મોડાસાની સાર્વજનિક અને બાયડની વાત્રક એમ બંન્ને હોસ્પિટલમાં ૧૫૦ બેડની સુવિધા સાથે કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જયાં મોડાસાની હોસ્પિટલમાં ૨૮થી વધુ દર્દીઓ સારવાર લઇ રહ્યા છે ત્યારે કોરોના સામે પંહોચી વળવા માટે જિલ્લો આરોગ્ય સુવિધાથી સજજ હોવાનું જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું.

દર્દીઓને સારવાર કઇ રીતે અપાય છે તે અંગેની વાત કરતા નોડલ અધિકારી જણાવે છે કે દર્દીઓને સવારે ઉકાળો, બાદમાં ચા-નાસ્તો, જમવામાં પોષ્ટીક દાળ-ભાત-શાક, રોટલી અને કઠોળ સાંજે ફળાહાર અથવા ફ્રૂટ જયૂસ, તેમજ રાત્રે પણ મેનુ મુજબનું જમવાનું આપવામાં આવે છે. આતો થઇ જમવાની વાત પણ દર્દીઓને આવા સમયે પરીવાર જનોની યાદ આવેતો વિડીયો કોલિંગની સુવિધા, તો વળી કોરોના દર્દીને શારિરીક કરતા માનસિક ભય વધારે હોય છે ત્યારે હોસ્પિટલમાં જ તેમનું કાઉન્સેલીંગ કરાય છે જેથી તેનો ડર દૂર થાય વળી શારિરીક સ્વસ્થતા માટે યોગા પણ કરાવાય છે.

હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ સોશિયલ ડિસ્ટન્સીંગથી પ્રાર્થના કરતા હોય છે તો મુસ્લિમ બિરાદરોને પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે તેમને નમાઝ અદા કરવા માટે પણ અલાયદી વ્યવસ્થા હોસ્પિટલમાં કરાઇ છે.

હોસ્પિટલની સુવિધા અંગે વાત કરતા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયા જણાવ્યું હતું કે, કોવિડ હોસ્પિટલમાં દિવસમાં ત્રણ ટાઇમથી વધારે સફાઇ, વોર્ડમાં બે વાર સેનેટાઇઝેશન કરવામાં આવે છે. જયારે આવા દર્દીઓ કપડાની ધોવાની પણ ખાસ અલગથી વ્યવસ્થા ઉભી કરાઇ છે, સોડિયમ

હાઇપોક્લોરાઇડથી જંતુ રહિત કરવામાં આવે છે ત્યાર બાદ વોશિગ મશીનથી ધોલાઇ કરવામાં આવે છે જેથી અન્ય કોઇને ચેપ ન લાગે.

હોસ્પિટલના ૫૦થી વધુનો સ્ટાફ હવે કોરાના ગ્રસ્ત દર્દીઓનો પરીવાર બની ગયો છે જેમાં ઘણીવાર તો દર્દીઓ માટે ચેસ, કેરમ, લુડો અને સાપસીડી જેવી ઈન્ડોરગેમ રમવાની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જયારે મોટી ઉમરના દર્દીઓ માટે માનસિક શાંતિ માટે પરામર્શ કરી તેમના જરૂરીયાત અંગે ફિડબેક પણ લેવામાં આવે છે. જયારે સારવાર લઇ ઘરે પરત ફરતા દર્દીઓને સાવચેતી માટે મલ્ટી વિટામીન અને વિટામીન-સીની ટેબલેટ, ઓઆરએસ પેકેટ, માસ્ક અને સેનેટાઇઝર આપી પૂરતી તકેદારી રખાય છે.

જિલ્લામાં કોરોના વ્યાપેલા સંક્રમણ સામે જિલ્લા વહિવટીતંત્ર અને આરોગ્ય વિભાગના અસરકારક પગલા લઇ રહ્યાછે. ત્યારે ૧૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી આજે સ્વગૃહે પરત ફર્યા છે.

## કંસારીમાં પ્રેમી પંખીડાનો આપઘાત

લોકડાઉન વચ્ચે ગ્રામીણ વિસ્તારોમાં પણ પોલીસનો બંદોબસ્ત છે ત્યારે આપઘાતના બનેલા બનાવની મળતી વિગતો મુજબ મૂળ રાજસ્થાનના ફાગળીયા ગામના મદરૂપજી કોળી (ઠાકોર) એ કંસારી ગામે ધીરાજી ખેમજીનું ખેતર ભાગે વાવવા રાખી બાજરીનું વાવેતર કર્યુ હતું અને પરિવાર સાથે ખેતરમાં રહેતા હતા જ્યાં તેમની ૧૬ વર્ષની પુત્રી પવિબેનને તેમની સાથે રહેવા આવેલ બાડમેર તાલુકાના બામણલા ગામના લાલો આયદાનજી સાથે પ્રેમ થઈ ગયો હતો પણ બન્ને માસિયાઈ ભાઈ બહેન થતા હોઈ તેમના લગ્ન થઈ શકે તેમ નહતા. જેથી એકબીજાના પ્રેમમાં ગળાડૂબ બનેલા બન્નેએ આ ભવે તો નહીં પણ આવતા ભવે સાથે રહેવાનો કોલ કરી ખેતરમાં આવેલ આંબાના ઝાડની ડાળીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધોહતો.

# ૧૭મી સુધી ધનસુરા બજાર સદંતર બંધ રહેશે

ધનસુરા, તા. ૧૧

આજથી ૧૭ તારીખ સુધી ધનસુરા બજાર સદંતર બંધ રહેશે. લોકડાઉનને લઈ અને અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધી રહેલા કેસોને લઈને ધનસુરામાં તમામ દુકાનો બંધ રહેશે. ખાલી દૂધ અને દવાની દુકાન જ સવારે જ ચાલુ રહેશે.

ધનસુરા પી.એસ.આઈ. કે.એસ. સિસોદિયાની આગેવાનીમાં કરિયાણાના વેપારીગણ જોડે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો અને હાલની પરિસ્થતિ જોઈને ધનસુરાના વેપારીઓ ધ્વારા સ્વયંભૂ બજાર બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં વેપારીગણ અને ગ્રામપંચાયત દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. ધનસુરાના આજુબાજુના ગામડાઓમાં કોરોનાના કેસ આવવાના કારણે ધનસુરામાં ૧૧-૫-૨૦૨૦થી ૧૪-૦૫-૨૦૨૦ સુધી તમામ દુકાનો બંધ રહેશે, આ ઉપરાંત આગળ પરિસ્થિતિને જોવામાં આવશે. વધુ ૧૭-૫-૨૦૨૦ સુધી પણ બજાર બંધ રહી શકે છે. માત્ર દૂધ અને દવાની દુકાનો જ શરુ રહેશે જેને લઈને ધનસુરા પી.એસ.આઈ. કે.એસ. સિસોદિયા અને વેપારીઓ સાથે ચર્ચા કરી હતી જેમાં વેપારીઓએ સાથે સહકાર આપવાનું જણાવ્યું હતું અને ગ્રામ પંચાયતે પણ આ વાતને સમર્થન આપ્યું હતું.

## પાલનપુરમાં પાંચ દિવસ તમામ દુકાનો બંધ રહેશે...

પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના વેપારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે પાંચ દિવસ તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. જોકે, પાલનપુર સિટીમાં હજુ સુધી એકપણ કેસ નોંધાયો ન હોઈ લોકો રાહત અનુભવી રહ્યા છે. દરમિયાન પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના વેપારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે પાંચ દિવસ તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં તારીખ ૧૨ મી મે થી પાંચ દિવસ સુધી પાલનપુરમાં નાના મોટા તમામ વેપાર ધંધા બંધ રાખવા વેપારીઓ સહમત થયા હતા. બેઠક પાલિકાના ગુમાસ્તધારા ઈન્સ્પેકટર મહેશભાઈ જોષી, હેડક્લાર્ક સંજયભાઈ વ્યાસ અને ધર્મેન્દ્રભાઈ પઢીયારની હાજરીમાં યોજાઈ હતી.

# અંબાઈગઢામાં રેતી ખનિજ ચોરી કરનારા માફિયાઓને તંત્રએ ૨.૫૮ કરોડનો દંડ ફટકાર્યો

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાની સરહદે આવેલા અંબાઈગઢા ગામ નજીકથી પસાર થતી સાબરમતી નદીપટમાંથી કરોડો રૂપિયાની રેતી ખનિજની ચોરીનું કૌભાંડ ખેરોજની સ્થાનિક પોલીસ, એસઓજી, એલસીબી સહિતનાએ દસેક દિવસ અગાઉ પકડી પાડી રૂા.૯ કરોડથી વધુનો મુદ્દામાલ સીઝ કરી ખેરોજ પોલીસ સ્ટેશન હવાલે મૂકાવ્યા બાદ જિલ્લાના ખાણ ખનિજ વિભાગને તેની જાણ થયા બાદ ખાણ ખનિજ વિભાગે રેતી ખનિજની ચોરી કરનારા માફિયાઓને ૨.૫૮ કરોડનો દંડ ફટકારતા ખનિજ ચોરીનું સમગ્ર કૌભાંડ જિલ્લામાં ચર્ચાના એરણે ચડયુ છે. ખનિજ ચોરીનું કૌભાંડ ઝડપાયા બાદ પણ હજુ તંત્ર દ્વારા માત્ર ખનિજ માફિયાઓ વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી જ હાથ ધરાઈ છે પરંતુ કરોડોની ખનિજ ચોરી કરનારા માફિયાઓ વિરૂધ્ધ હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ ન નોંધાતા જિલ્લાના લીઝ હોલ્ડરો સહિત આમપ્રજામાં તંત્ર સામે અનેક વેધક સવાલો ઉઠવા પામ્યા છે.

અંબાઈગઢા ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીપટમાં રેડ કરવા સુચનાઓ આપતા પોલીસે રેડ કરી હતી. જે રેડ દરમિયાન પોલીસે નદીપટમાં ગેરકાયદેસર રીતે રેતી ખનિજનું ખોદકામ કરી હજારો ટન રેતીના ઢગલા કરી સ્ટોક કરનાર ખનિજ માફિયાઓના ૧૦ ટ્રક, ૩ હીટાચી મશીન સહિત અંદાજે રૂા. ૯ કરોડનો મુદ્દામાલ કબજે લઈ સીઝ કરી ખેરોજ પોલીસ સ્ટેશનમાં તમામ વાહનો મૂકાવ્યા હતા અને તેની પોલીસ વિભાગે જિલ્લાના ખાણ ખનિજ વિભાગને જાણ કરી હતી.

# હિંમતનગર નજીકના ઝહીરાબાદમાં બે પોલીસકર્મી પર જીવલેણ હુમલાર

હિંમતનગર નજીકના ઝહીરાબાદ વિસ્તારમાં રવિવારે સમી સાંજના લોકડાઉન દરમિયાન શક્કર ટેટીનું વેચાણ કરતા શખ્સને પેટ્રોલીંગમાં નીકળેલા હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલે સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવી ટેટીનું વેચાણ કરવા કહેતા પરબડાના નવેક શખ્સોએ જાનથી મારવાની ધમકીઓ આપી ઇટ, પથ્થર તેમજ લાકડી વડે બંને પોલીસકર્મી પર જીવલેણ હુમલો કરી ધિંગાણુ મચાવતા નાસભાગ મચી ગઇ હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પોલીસ કોન્સ્ટેબલને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા ગ્રામ્ય પોલીસ ઉપરાંત અન્ય પોલીસે ઘટના સ્થળે ધસી જઈ કાર્યવાહી કરી હતી.

ઝહીરાબાદની મસ્જિદ પાસે બનેલ પોલીસકર્મી પર જીવલેણ હુમલાની ઘટના સંદર્ભમાં ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર રવિવારે સમી સાંજના પરબડાનો ઈરફાન ઉર્ફે કુંદન ફકીરમહંમદ શેખ અને શાહરૂખ કલાલ પીકઅપ ડાલા ગાડી નં.જીજે.૦૯.વાય.૬૧૮૮ માં લોકો ભેગા થાય તે રીતે શક્કર ટેટીનું વેચાણ કરી રહ્યા હતા. હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રાકેશકુમાર જયંતિલાલ પરમાર અને પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ ઈશ્વરભાઈ પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. ત્યારબાદ તેમણે વસીમ મસ્જિદ પાસે શક્કર ટેટીનું વેચાણ કરતા શખ્સોને સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય તે રીતે ટેટીનું વેચાણ કરવા જણાવતા એકટીવા જીજે.૦૯.ડીઈ. ૮૬૨૫ આવેલ શખ્સ ઈમ્તિયાજ અબ્દુલભાઈ શેખની પત્નિએ બંને પોલીસ કર્મીઓને દરરોજ રોજા છોડવાના સમયે આપણા વિસ્તારમાં શું કરવા આવે છે તેમ કહી ત્યાં હાજર શખ્સોને ઉશ્કેરણી કરી હતી. આ દરમિયાન ઈરફાન ઉર્ફે કુંદન શેખે હેડ કોન્સ્ટેબલ રાકેશકુમાર પરમારને અમારા વિસ્તારમાં કેમ આવો છો આજે તમને જીવતા જવા દેવાના નથી તેમ કહી નજીકમાં પડેલો પથ્થર છૂટો માર્યો હતો. ત્યારબાદ લાકડી લઈ આવી પતાવી દો બંને જણાને તેમ કહી પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ ઈશ્વરભાઈના માથામાં લાકડી ફટકારી દીધી હતી.

ધિંગાણાની આ ઘટના દરમિયાન પરબડાના સોહિલ રહીમભાઈ શેખ, સદામ ગફારભાઈ મણીયાર, મુકતારખાન ગફારખાન પઠાણ અને જબ્બારખાન ગફારખાન પઠાણે પણ ઘટના સ્થળે આવી પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ ઈશ્વરભાઈના માથામાંલાકડીફટકારીગડદાપાટુનોમાર મારીભારેધિંગાણુ મચાવ્યુહતું. જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી પોલીસકર્મીઓની સરકારી ફરજમાં અડચણોઉભી કરીજિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યોહતો.

## ડીસાને સેનેટાઇઝ મશીનની ભેટ

કોરોના સામે લડવા સમગ્ર વહીવટી તંત્ર સાથે સેવાભાવી સંસ્થાઓ પણ સ્વેચ્છાએ જોતરાઈ ગઈ છે ત્યારે માનવ માત્રને એકસમાન ગણતા સ્વાધ્યાય પરિવારે ડીસા નગરપાલિકાને અદ્યતન સેનેટાઈઝ મશીનની ભેટ આપવામાં આવી છે ૨૪ નોઝલ ધરાવતું આ મશીન ઓછા ડીઝલ ખર્ચમાં ૪૦ ફૂટના રોડને સત્વરે સેનેટાઈઝ કરવાની ક્ષમતા ધરાવે છે જેનું ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમાં લોકાર્પણ કર્યુ હતું. જે મશીન કોરોનાને નાથવા ઉપયોગી નીવડશે તેમ ધારાસભ્યએ જણાવ્યું હતું.